# ડીસાના લટીયા ગામે જીપ ટક્કરે બાળ રીંછનું મોત: ફોરેસ્ટ વિભાગે હાથ ધરી તપાસ

ડીસા, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં આવેલા લટીયા ગામે એક ખેડૂતના ખેતરમાં વહેલી સવારે ભુલથી આવી ચડેલા પાંચ વર્ષિય બાળ રીંછથી ભગદળ મચી હતી. જ્યારે હોબાળો જોઈ બાળ રીંછ પણ ભયભીત બની ચાર પાંચ સ્થાનિકોને અડફેટે લઈ ઈજાઓ કરતાં આ બાળ રીંછનો આતંક છવાયો હતો. તેવા સમયે ખેતરના બાજુમાં આવેલા રસ્તા પરથી એક જીપ ચાલક પસાર થતાં અકસ્માતે આ રીંછ જીપ નીચે આવતાં તેના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અને આ રીંછ ઘટના સ્થળે જ કરૂણતાએ મોતને ભેટ્યું હતું. આ મામલે ડીસા આર.એફ.ઓ. એ.એન.ઘાસુરા અને ફોરેસ્ટ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી રીંછની લાશનો કબ્જો સંભાળી કાર્યવાહી હાથ ધરી હતી.

આ ચકચારી ઘટનાની વિગતો જોઈએ તો આજે વહેલી સવારે ડીસા તાલુકાના લટીયા ગામે રહેણાંક વિસ્તારમાં એક નર રીંછ દેખાતાં નાનકડા ગામમાં દોડધામ મચી હતી. જે બાદ આ રીંછ લોકોનો શોર બકોર જોઈ ખેતરો તરફ ભાગ્યું હતું. અને હીરાજી નામના ખેડૂતના ખેતરમાં



ઘુસેલા આ રીંછે ભયભીત બની બચવાના પ્રયત્ને તેની સામે આવેલા આશરે પાંચ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ કરી હતી. જે બાદ આ મામલાની લટીયા ગામના સરપંચે ફોરેસ્ટ વિભાગને જાણ કરતાં ડીસા વિભાગના આર.એફ.ઓ. એ.એન. ઘાસુરા, વન રક્ષક આર.ડી. ઘાસુરા, ફોરેસ્ટર અશોકભાઈ બ્રહ્મક્ષત્રિય, ફોરેસ્ટર ચંદ્રકાંત જોશીની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જો કે તે દરમ્યાન ખેતરમાંથી ભાગતુ આ રીંછ શિવાભાઈ ડોશજી રાવળ રહે. લટીયાની જીપ નં. ૯ એચ-૧૬૫૫ની અડફેટમાં આવતાં તેના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અને આ રીંછ ઘટના સ્થળે જ અકસ્માતે મોતને ભેટ્યું હતું. ફોરેસ્ટ વિભાગની પ્રાથમિક તપાસમાં મૃત પામેલ આ રીંછ નર જાતીનું અને અંદાજે પાંચ વર્ષનું બાળ રીંછ હતું. આ ઘટના બનતાં જિલ્લા ફોરેસ્ટ અધિકારી એ.એન. સિંન્ધીએ બનાવનું જાતનિરિક્ષણ કર્યું હતું. આ બાબતે આર.એફ.ઓ. એ.એન. ઘાસુરાએ જણાવ્યું હતું કે, મૃત રીંછ અકસ્માતમાં મોત પામેલ હોવાનું બહાર આવેલ છે. આ પ્રાણી શિડ્યુલ એક કેટેગરીમાં આવતું પ્રાણી છે. ગુનાવાળી જગ્યાએ જીપ ચાલક અને જીપ હાજર હોઈ આ મામલે તેની વિરૂદ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરાઈ છે. જયારે બીજી તરફ તાજેતરમાં જ સામઢી, વડગામ, છત્રાલ અને લટીયા ખાતે રહેણાંક વિસ્તારોમાં રીંછના દેખાડાથી લોકોમાં ભય ફેલાયો છે.

## ધનસુરા તળાવમાં બે કિશોરના ડૂબી જતા મોત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જીલ્લા ના ધનસુરા માં મામલતદાર કચેરી પાસે આવેલ તળાવ માં ધનસુરા ના રહેવાસી કાન્તિલાલ ઠાકોર રવિવાર ના રોજ બપોર ના સુમારે તેમના બંને દીકરા ૯ વર્ષીય -અજયકુમાર અને ૮ વર્ષીય -મનીષકુમાર ત્રણે ખેતરે ઘઉં કાપવા ગયેલા દરમિયાન સાંજ ના ૪ વાગે ના સુમારે બંને દીકરા તળાવ માં પાણી ભરવા ગયા હતા જયાં બંને ભાઈઓ તળાવ માં ડૂબી ગયેલ જેના કારણે તેમના મોત નીપજયા હતા.

## સાબરકાંઠા જિલ્લામાં ત્રણ અકસ્માતમાં ૨ના મોત ૧૯ને ઈજા

રવિવાર ના રોજ બપોર ના ત્રણ વાગે ના સુમારે ખેડબ્રહ્મા ના લાલસિંહ કમ્પા નજીક હાઈવે ના વણાંક માં આવેલ ગરનાળા માં જીપ GJ -1-HH -116 ના ચાલક નો જીપ પર અચાનક કાબુ ગુમાવતા જીપ ગરનાળા માં ખાબકી હતી જેમાં બેઠેલ મુસાફરો પૈકી ૧૫ જણા ને ઈજા થવા પામી હતી તમામ ઈજાગ્રસ્તો ને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ થી ખેડબ્રહ્મા સરકારી દવાખાને લઈ ગયેલ જયાંથી વધુ સારવાર માટે હિમતનગર સિવિલ માં લાવ્યા હતા જયારે બીજો અકસ્માત સાંજ ના ૪ વાગે ના સુમારે હિમતનગર તાલુકા ના કેશરપુરા ગામ નજીક નેશનલ હાઈવે -૮ પર થયો હતો આ અંગે ગાંભોઈ પોલીસ મથક ના પીએસઆઈ-જે આર ઝાલા અને રાયટર -મુકેશભાઈ -જાપતિ એ જણાવેલ કે ૪૦૭ ટેમ્પા નંબર GJ - 2- X -2848 હિમતનગર તરફ થી શામળાજી તરફ જઈ રહેલા ત્યારે તેની પાછળ મુસાફરો ભરીને આવી રહેલ જીપ નંબર -GJ -6-CM -093 ના ચાલકે અચાનક જીપ પરનો કાબુ ગુમાવી દેતા જીપ ટેમ્પાની પાછળ ઘુસી ગયેલ જેના કારણે ટેમ્પો પલટી ખાઈ ગયો હતો પરિણામે ટેમ્પો ચાલક હિમતનગરના રાયકાનગરના રહેવાસી -જયરામભાઈ દેસાઈ (ઉમર-૩૭) નું ગંભીર ઈજા ને કારણે સ્થળ પર મોત નીપજયું હતું.

# સલાલ ચાર રસ્તા પાસે માતા-પુત્ર અને પુત્રીને ટ્રકે અડફેટે લેતા ૬ વર્ષના બાળકનું કરૂણ મોત



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૪

હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈ-વે પર સલાલ ચાર રસ્તા પાસે પુરપાટ ઝડપે પસાર થતી એક લોડીંગ ટ્રકે સોનાસણ ગામે પ્રસંગમાં જતા મા-દિકરો અને દિકરીને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૬ વર્ષના બાળકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે માતા અને પુત્રીને હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પ્રાંતિજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નજીક સલાલ ચાર રસ્તા પાસેથી માર્ગ ઓળંગી રેખાબેન વાસુભાઈ પટેલ નામની મહિલા તેના પુત્ર અને પુત્રી સાથે સોનાસણ ગામે પ્રસંગમાં જઈ રહ્યા હતા. દરમિયાન સલાલ બસ સ્ટેન્ડ નજીક ઉભા હતા. આજ અરસામાં નાગાલેન્ડ પાસિંગની એનએલ-૦૫-ડી-૯૫૩૭ નંબરની ટ્રકના ચાલકે પુરપાટ ઝડપે ટ્રક હંકારી માર્ગ પર ઉભેલ પરિવારના ૩ સભ્યોને અડફેટે લીધા હતા. જેમાં ૬ વર્ષના હાર્દિક પર ટ્રકના પૈડા ફરી વળતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે માતા અને પુત્રીને શરીરે ગંભીર ઈજાઓ થતા તાબડતોબ હિંમતનગર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જી ટ્રક ડ્રાઈવર અને ક્લીનર ટ્રક મુકીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આ મામલે ગીરીશકુમાર પટેલની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજ કોલેજમાં કવિ મહેન્દ્ર અમીન દ્વારા લિખિત પુસ્તકોનો વિમોચન સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય શહેર એવા પ્રાંતિજ પાસે આવેલ કમાલપુર નેશનલ હાઈવે નંબર-૮ પાસે આવેલ શ્રીમતિ મંગલાબેન ચુનીલાલ દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ ખાતે કવિ મહેન્દ્ર અમીન લિખિત પુસ્તકોનું વિમોચન સમારંભ યોજાયો હતો.

પ્રાંતિજ શહેર પાસે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કોલેજના ભુતપુર્વ અધ્યાપક અને કવિ એવા મહેન્દ્ર અમીન દ્વારા લખાયેલ બે પુસ્તકો જેમાં 'ખલિલ જિબ્રાનના અમર સુત્રો' અને 'હસે એનુ ઘર વસે ભાગ-૨'નો વિમોચન સમારંભ ગતરોજ કોલેજ પટાંગણમાં તાજેતરમાં યોજાઈ ગયો. જે સમારંભના અધ્યપદે કે.એસ. શાસ્ત્રી અને પુસ્તક વિમોચન કરતા ડૉ. ઉષાબેન ઉપાધ્યાય અને




પ્રાગજીભાઈ ભાંભી દ્વારા પુસ્તક ખલિલ જિબ્રાનના અમર સુત્રોનું વિમોચન કરવામાં આવ્યું હતું. જ્યારે પુસ્તક 'હસે એનું ગર વસે' ભાગ-૨નું વિમોચન ડૉ. કિશોરસિંહ સોલંકી, મહેશભાઈ દવે, રમેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જયેન્દ્રસિંહ રાઠોડ, ભીખાભાઈ પટેલ, જયંતિભાઈ ત્રિવેદી તથા પ્રાંતિજ તેમજ આજુબાજુના વિસ્તારના પુસ્તક પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કામેશ્વર પ્રસાદ, પ્રા. ડૉ. કાન્તીભાઈ, પ્રો. મંગુભાઈ, પ્રો. રમેશભાઈ, પ્રો. ઈશ્વરભાઈ, રાજુભાઈ તથા સમસ્ત કોલેજ પરિવાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# નવાબ તાલેમહંમદ ખાન ટાઉનહોલનો વેરો ભરપાઈ ન કરાતા શીલ મરાયું

## દિન ૧૫માં વેરો ભરપાઈ ન કરાય તો મિલ્કતની હરાજી કરાશે : પાલિકા

પાલનપુર, તા. ૨૪

પાલનપુર નવાબી શાસન હતુ. નવાબી કાળમાં ફૂલો અત્તરોથી શુશોભીત નગરમાં નવાબના કાર્યો ઐતિહાસિક ઈમારતો આજે પણ મૌજુદ છે. સમગ્ર દેશમાં સૌથી પહેલા ભારત સરકારને રાજ્ય સોંપનાર પાલનપુરના તાલે મહંમદખાન નવાબ હતા. નવાબી શાસન બાદ તેમની યાદમાં શહેરના દિલ્હી ગેટ વિસ્તામાં વિક્ટોરીયા જ્યુબીલી લાયબ્રેરી ટ્રસ્ટ હસ્તગત તાલે મહમંદખાન હોલ બનાવવામાં આવેલ. જેનો ૧૦ વર્ષથી પાલિકાનો બાકી વેરો ભરપાઈ ન કરાતા ગતરોજ તાલેમહંમદ ખાન હોલને નગરપાલિકાની વેરા વસુલાત ટીમે શીલ મારી દેતાં સમગ્ર સહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

પાલનપુર પાલિકાના વેરા શાખાના સુપરવાઈઝર્સ સંજય વ્યાસે જણાવેલ કે શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં આવેલ વિક્ટોરીયા જ્યુબીલી લાયબ્રેરી ટ્રસ્ટ હસ્તગતની મિલ્કત નં. ૧૪૧૬ નો વેરો છેલ્લા દસ વર્ષથી બાકી હતો. રૂપિયા ૫૮ હજાર જે સંદર્ભે પાંચવાર નોટીસો પાઠવાતા છતાં પણ ઉપરોક્ત મિલ્કતનો વેરો ભરપાઈ કરાતો ન હતો. નગરપાલિકા દ્વારા પાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૩૩ મુજબ ઉપરોક્ત મિલ્કતને શીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. ઉપરોક્ત મીલ્કતના નાણાં દિન-૧૫માં ભરપાઈ કરવામાં નહી આવે તો મિલ્કતની જાહેર હરાજી કરી જે બાકી વેરાના નાણાં વસુલ કરવામાં આવશે. તેવી નોટીસ ફટકારાતા ટ્રસ્ટીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ટ્રસ્ટીઓની બેદરકારીથી વેરો ભરપાઈ ન કરાતાં એક સમયના પાલનપુરના નવાબના નામને ટીલી લગાડી છે.

# પ્રાંતિજ ખાતે ઠાકોર સમાજનાં કાર્યાલય તેમજ લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા ઠાકોર સમાજ વિકાસ મંચ દ્વારા સમાજના શિક્ષિત યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં આગળ વધી શકે તે માટે પ્રાંતિજ ખાતે સાબરકાંઠા વિકાસમંચના કાર્યાલયનું ઉદ્‌ઘાટન નિર્માણ કોમ્પ્લેક્ષ ખાતે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યાલય ખાતે અદ્યતન પુસ્તક લાયબ્રેરી તેમજ સમાજના વર્ષ-૨૦૧૩-૧૪ના કેલેન્ડરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના આગેવાનો ઉપસ્તિત રહ્યા હતા.

પ્રાંતિજ ખાતે આવેલ ઠાકોર સમાજના ભાઈઓ-બહેનો દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ આવાનારા સમયમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્તિર્ણ થાય અને સમાજનું નામ આગળ લઈ જાય તેવા ઉમદા આશયથી પ્રાંતિજ શહેરમાં સાબરકાંઠા ઠાકોર સમાજના કાર્યાલયનું નિર્માણ કોમ્પ્લેક્ષ હોટલ શિવપેલેસની ઉપર શરૂ કરવામાં આવ્યું છે. જેના ઉદ્‌ઘાટન પ્રસંગે જગદિશભાઈ ઠાકોર સાંસદ સભ્ય પાટણ, મહેન્દ્રસિંહ કે. બારૈયા, ધારાસભ્ય પ્રાંતિજ, મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા, ધારાસભ્ય બાયડ, રંગુસિંહ વી. સોલંકી સહિત અન્ય મહાનુભાવોના હસ્તે દિપ



પ્રાગટ્ય કરી સમાજનું કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે દશા શ્રીમાળી વાડીમાં સાબરકાંઠા ઠાકોર સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આવેલ મહાનુભાવો દ્વારા પ્રેરણાદાઈ ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઠાકોર સમાજના વર્ષ-૨૦૧૩-૧૪નું કેલેન્ડરનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

જ્યારે સમાજના પ્રમુખ એવા ચૌહાણ કાળુસિંહ ભુપતસિંહ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ કાર્યાલય અને એમાં શરૂ કરવામાં આવેલ લાયબ્રેરી વિદ્યાર્થીઓને ખુબજ ઉપયોગી સાબિત થશે. સમાજના મંત્રી ઉદેસિંહ, કે.કે. મકવાણા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સમાજનો વિકાસ થાય અને સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચુ આવે તે આ સમયની માંગ છે. આથી સમાજના વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ટકી રહેવા આનો મહત્તમ ઉપયોગ કરે તે પણ ખુબજ જરૂરી છે.

# બનાસકાંઠાના ભીલડીની ૬ વર્ષની બળાત્કારની પીડીત બાળા સહાનુભુતી ઝંખી રહી છે

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા પાલનપુર ખાતે ૬ વર્ષની વાલ્મીકી પરીવારની ફૂલ જેવી બાળાને દાદાની ઉંમર સમાન હેવાને પીંખી નાખતાં પુરૂષ પ્રધાનને શર્મસાર કરી નાખ્યું છે. બાળ અવસ્થામાં ડગ માંડતી બાળા સાથે કુકર્મ કરનાર સામે જિલ્લાના લોકો ભારે ફીટકાર વરસાવી રહ્યા છે. પોલીસ દ્વારા કુકર્મ કરનાર હેવાનની અટક કરી જેલ ભેગો તો કરી નખાયો છે. આવા હેવાન કૃત્ય કરનારાઓને કડક સજા કરાવાય તેવી માંગ થવા પામી છે.

ડીસા તાલુકાના ભીલડી ખાતે રહેતા વાલ્મીકી પરીવારની ૬ વર્ષની બાળાને લોરવાડા ગામનો મોહનભાઈ જોરાભાઈ દેસાઈ ખાવાની ચીજવસ્તુ આપવાનું કહીને તેની સાથે કુકર્મ કરી ફરાર થઈ ગયેલો. બાળાના ગુપ્તાંગમાંથી રક્ત નીકળતા અને રડવાનું બંધ ન કરતાં સરકારી દવાખાને લઈ ગયેલ. ત્યાં રેપ થયો હોય તેવું જણાતા તેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યારે રાજકીય વગ તેમજ પોલીસવગ ધરાવતો આરોપી ફરાર રહેતા પાલનપુર સિવિલમાં સારવાર લેતી બાળાના પરીવારને સિવિલમાંથી રજા લઈને ચાલ્યા જવા માટે રાજકીય તેમજ પોલીસ તરફથી દબાણ આવતું હોવાનું બાળાના પરીવારે જણાવેલ. અને બાળાને કણસતી હાલતમાં ડરના માર્યા રજા લઈને ચાલ્યા ગયેલા. પણ બાળાની હાલત ગંભીર જણાતા ફરી તેને દાખલ કરવી પડી અને વાલ્મીકી સમાજ તેની પડખે ઉભો રહીને હિંમત આપતાં બાળાને સિવિલમાં સારવાર અપાઈ રહી છે. સમાજ દ્વારા હેવાન બળાત્કારીનો ભારે વિરોધ કરતા પોલીસે કાયદાનો અમલ કરી મોહન દેસાઈને ધરપકડ કરીને આરોપીને જેલ હવાલે કર્યો હતો.

# પ્રેમ લગ્ન કરનાર યુગલના ઘર પર યુવતીના પરિવારજનોનો પથ્થરમારો

ઉમરેઠ, તા.૨૪

આણંદ જિલ્લાના ઉમરેઠ તાલુકાના સુરેલી ગામના આંતરજ્ઞાતિય પ્રેમલગ્ન કરનાર યુવક યુવતી ગામમાં પરત ફરતા યુવતીના પરિવરજનોએ પોલીસ બંદોબસ્ત હોવા છતાં પથ્થરમારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ગામમાં ભારે તંગદીલી વ્યાપી જવા પામી હતી.

ઉમરેઠ તાલુકાના સુરેલી ગામમાં રહેતા મુઝફ્ફરમીયાએ આજથી કેટલાક દિવસ પહેલા ગામમાં જ રહેતા રમેશગીરી ગોસ્વામીની દિકરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા અને બંને જણા ગામની બહાર રહેતા હતા અને દીકરીના પરિવારજનોની બીકને લીધે તેઓ ગામમાં પરત ન આવતા હતા જેથી તેઓએ ગામમાં પરત ફરવા માટે ઉમરેઠ પોલીસનાં રક્ષણની માંગણી કરતા પોલીસ તેઓને પોલીસ રક્ષણ હેઠળ સુરેલી ગામમાં મુકી આવી હતી જયાં છોકરીના પરિવારવાળાઓએ યુવકના ઘર પર હુમલો કરી પથ્થરમારો કર્યો હતો જેથી વાતાવરણ તંગ બન્યું હતું અને યુવકના પરિવારજનોએ આ મામલે ઉમરેઠ પોલિસમાં ફરિયાદ આપતા તેઓએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત વિકાસની દ્રષ્ટિએ મોખરે છે : વાડીભાઈ પટેલ

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લા વહીવટ તંત્ર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મહિલા સંમેલન અને માતા યશોદા એવોર્ડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સંમેલનમાં ઓનલાઈન પ્રેરણાદાયક પ્રવચન આપ્યુંહતું. આ પ્રસંગે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલ, ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર, સંસદશ્રી જયશ્રીબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ, કલેક્ટરશ્રી રાજકુમાર બેનીવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠક્કર દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

આ મહિલા સંમેલનના ત્રિવેણી કાર્યક્રમમાં જિલ્લા કક્ષાનો માતા યશોદા એવોર્ડ કુકરવાડાના લાડોલના કાર્યકર પટેલ રમીલાબેન પ્રકાશભાઈ તેમજ તેડાગર નાયક વીણાબેન વિનોદભાઈને અનુક્રમે ૩૧ હજાર અને ૨૧ હજારનો રૂપિયાની પ્રોત્સાહક રકમ આપીને એવોર્ડ આપ્યો હતો. આ સિવાય ઘટક કક્ષાએથી ૨૬ આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનોને અનુક્રમે ૨૧ હજાર તેમજ ૧૧ હજાર અને નગરપાલિકા કક્ષાએથી ૬ કાર્યકર તેમજ તેડાગર બહેનોને ૨૧ હજાર તેમજ ૧૧ હજારનો માતા યશોદા એવોર્ડ આપવામાં આવ્યો હતો. આમ મહેસાણા જિલ્લાની ૬૮ આંગણવાડી કર્મચારીઓને ૫,૬૪,૦૦૦ રૂપિયાની રકમનો માતા યશોદા એવોર્ડ આપવામાં આવ્યો હતો.

મહેસાણા જિલ્લાની ૮ વિદ્યાર્થિનીઓને મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત ૧ લાખ ૧૦ હજાર રૂપિયાની સહાયની રકમ આપવામાં આવી હતી. મહેસાણા જિલ્લામાં યોજાયેલ મહિલા સંમેલનમાં ૧૫૪ મહિલા ખેલાડીઓને જેઓ ગુજરાત સ્પોર્ટસ ઓથોરીટી દ્વારા જુદી જુદી રમતોમાં શ્રેષ્ઠ પ્રદાન કરેલ છે. તેઓને ૦૬,૩૪,૦૦૦ રૂપિયાના ચેક તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આ રમતોમાં સોફ્ટબોલ, હોકી, બેઝબોલ, હેન્ડબોલ, વેઈડ લીફટીંગ, ટેકવાન્ડો, સ્કાર્ય માર્ટ, રેસલીંગ, વેઈટ લીફટીંગ, કીક બોકસીંગ, એથ્લેટીક્સ, જુડો, જતક્યુન, કુસ્તી, યોગા ટેનીસ બોલ, સેપક ટ્રકરાવ, થાન્ગાટા, ફૂટબોલ સહિત વિવિધ રમતોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલે જણાવ્યું હતુંકે મહેસાણા જિલ્લાએ શિક્ષણક્ષેત્રે કાંઠું કાઢ્યું છે. મહેસાણા જિલ્લો રાજ્યના વિકાસનો સહભાગી બન્યો છે. આજે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અલગ મહિલા બાળ વિકાસ વિભાગ બન્યો જેને પરિણામે આપણે સુધાર લાવી શક્યા છીએ. ગામડાઓમાં પણ આજે વિકાસની ભુખ જાગી છે. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર તંત્રને ચેતનવંતુ કર્યું છે તેમ જણાવ્યું હતું.

ગુડા સત્તા મંડળના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસારે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે મહિલાઓના વિકાસ અંગેની સતત ચિંતા કરી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસને મંત્ર બનાવેલ છે. તેમને માર્ગદર્શન હેઠળ આંગણવાડીના પાકા મકાનો, ગેસની સગડી, પ્રેસર કુકર તેમજ પ્રાથમિક સુવિધાઓ મળી છે. સરકારે મહિલા વિકાસનો અલગ એકમ બનાવીને વિકાસની નવી દિશા બતાવી છે.

મહેસાણાના સંસદશ્રી જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે ૧૯૭૫ના વર્ષમાં ચાલતી આંગણવાડી કેન્દ્રોની દરકાર લેવામાં આવતી ન હતી. જ્યારે મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૨માં મહિલા અને બાળ કલ્યાણ વિભાગને અલગ કરીને આંગણવાડીના વિકાસ પર ખાસ ભાર મુક્યો છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન